# ગોળના કોલાવાળાઓએ શેરડીના રૂ. 4400 ચૂકવતા ખેડૂતોને બખ્ખાં

**સુગર** ફેક્ટરી વધુમાં વધુ 3500નું ચૂકવી શકે ત્યારે વધુ ભાવો મળતાં ખેડૂતોએ રોકડી કરી લીધી

**આવું** જ ચાલુ રહ્યું તો સુગર ફેક્ટરીના મૃત્યુઘંટના ભણકારાં

ભરૂચઃ ભરૂચ જિલ્લાના શેરડીના ખેડૂતોને આ વખતે ગોળનાં કોલાવાળાએ શેરડીમાં ટનદીઠ રૂ.4300/-થી રૂ.4400/-ના ભાવે રોકડી રકમ આપી દેતા ખેડૂતોને દિવાળી જેવો અહેસાસ થયો છે.

દક્ષિણ ગુજરાતમાં દાયકાઓથી સહકારી ધોરણે ચાલતી સુગરને લઈને ખેડૂતો સધ્ધર થયા છે. સારું ઉત્પાદન મળે એ લ્હાયમાં ભરપુર રાસાયણિક ખાતરનો ઉપયોગ હવે જમીનની ફળદ્રુપતા પર ગંભીર અસરો ઉભી કરે છે અને આ વખતે પણ ઘણી જમીનમાં ખેતીની જગ્યાએ ઈમારતો બની ગઈ છે. હાલમાં ખેડૂતો અને સુગર લોબીને પણ અપેક્ષા હતી કે આ બજેટમાં ખાંડનો લઘુત્તમ ભાવ (હાલમાં) રૂ.3100/- છે, એ વધારીને રૂ.4000/- કરવામાં આવશે. પણ કેન્દ્ર સરકારે બજેટમાં ખાંડનાં લઘુત્તમ વેચાણ ભાવ (MSP) આ વખતે કોઈ વધારો ન થતા નિરાશ થયા છે.



જો કે ભરૂચ, સુરત અને તાપી જિલ્લાના ગોળનાં કોલાવાળાઓએ આદિવાસી પટ્ટામાં ધ્યાન કેન્દ્રિત કરીને શેરડીના ટન દીઠ ભાવમાં લગભગ 146 ટકા ઉછાળ્યા છે, જેનાથી નાનકડા ખેડૂતોને સારી રોકડી કરી લીધી છે.

સરકારે ભલે શેરડીના ભાવો નક્કી કર્યા બાદ સુગર લોબી મહત્તમ ટન દીઠ રૂ.3500/- ભાવો આપી શકે છે, એનાથી વધુ આપવા શક્ય નથી. આવા સમયે જ ગોળના કોલાએ શેરડીના ટન દીઠ રૂ.4300/-થી રૂ.4400/- ભાવો ચૂકવી દીધા છે.

ઉલ્લેખનીય છે કે સુગર લોબીમાં અંદરખાને ચર્ચા છે કે શેરડીના ભાવોમાં ક્ષણિક ભાવવધારો અને હવે શેરડીની ઉત્પાદકતામાં ઘટાડો લઈને અવઢવમાં છે. જેને લઈને પરિશ્રમી ખેડૂતો શેરડીને છોડીને ડાંગર તરફ વળ્યા છે. જો આગામી વર્ષોમાં કોલાવાળા ખેડૂતોને સારા ભાવો આપે તો સુગર ઉદ્યોગનો મૃત્યુઘંટ નક્કી થાય એવા સંજોગો છે. આવા સમયે ખેડૂતોએ કહ્યું છે કે, અમારે તો પાકના સારા ભાવો જોઈએ. જો ભાવો સારા ન મળે તો ભવિષ્યમાં સુગર ઉદ્યોગને ખંભાતી તાળા લાગશે.

### કોલાવાળાને એક ટન શેરડીમાંથી 135 કિલો ગોળ દ્વારા રૂ.7830 જેટલી આવક

શેરડીના રેકોર્ડતોડ ભાવને લઈને કોલા ચલાવનારાઓએ મત વ્યક્ત કર્યો કે શેરડીના ભાવોમાં તેજી પાછળ હવે ગોળની વધુ માંગ અને નિકાસ નિમિત્ત છે. પ્રતિ ટન શેરડીમાંથી 135 કિલો ગોળ બનતો હોય છે. સૂત્રો દ્વારા હાલમાં એક કિલો ગોળ લગભગ રૂ.58/-માં વેચાય છે, તો એક ટન શેરડીમાંથી 135 કિલો ગોળ દ્વારા રૂ.7830/- જેટલી આવક મળી છે.

## માંગરોળમાં આઈસરની અડફેટે થ્રી-વ્હીલ ટેમ્પોનો ખુરદો, ચાલકનું મોત

વાંકલઃ માંગરોલના આંબાવાડી મોસાલી પર સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એકનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. બનાવની પ્રાપ્ત માહિતી મુજબ માંગરોળના આંબાવાડીથી મોસાલી માર્ગ પર સ્મશાન નજીક આઈસર ટેમ્પો અને ભંગાર ભરેલા થ્રી વહીલ ટેમ્પા વચ્ચે અકસ્માત સર્જાયો હતો, જેમાં આઈસર ટેમ્પોની જોરદાર ટક્કરથી ભંગારી ભરેલા ટેમ્પાના ફુરચે ફુરચા નીકળી ગયા હતા. ભંગારના થ્રી વ્હીલ ટેમ્પાના ડ્રાઈવર સુપાભાઈ હરિયાણાનાને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં માંગરોળ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પીએમ માટે સુપાભાઈના મૃતદેહને મોસાલી લઈ જવામાં આવ્યો હતો. માંગરોળ પોલીસે ગુનો નોંધી સંલગ્ન કાર્યવાહી હાથ ધરી છે. અકસ્માતને પગલે રોડ પર ટ્રાફિકજામ સર્જાયો હતો. પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનો ખસેડાવી વાહનવ્યવહાર પૂર્વવત કર્યો હતો.

# અંકલેશ્વર પાલિકાની સરકારી ગાડીમાં રાંદેરની નોનવેજ ટૂર

**ઇન્ચાર્જ** પાલિકા પ્રમુખ ભાવેશ કાયસ્થ મિત્રો સાથે કાર લઇ રાંદેરમાં ભરાતા રમઝાનના રાત્રિબજારમાં ચિકન પાર્ટી કરવા ગયા

**સોશિયલ** મીડિયામાં વિડીયો વાયરલ થતાં હોબાળો



સુરેશ ગાંધી

અંકલેશ્વર : અંકલેશ્વર પાોલિકાના ઇન્ચાર્જ પ્રમુખ ભાવેશ કાયસ્થ સરકારી ગાડીમાં સુરતના રાંદેર વિસ્તારમાં રમઝાન દરમિયાન ભરાતા ખાણીપીણીના બજારમાં પહોંચ્યા હોવાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા હોબાળો મચ્યો છે. વિડીયોમાં દેખાય છે કે ઇન્ચાર્જ પ્રમુખ સરકારી વાહન સાથે બજાર વિસ્તારમાં હાજર છે. સ્થળ પર હાજર એક જાગૃત નાગરિકે સમગ્ર ઘટનાનો વિડીયો ઉતારી સોશિયલ મીડિયામાં મૂકતા મામલો ચર્ચાનો વિષય બન્યો છે. સવાલ એ નથી કે બજારમાં જવુ ખોટું છે, સવાલ એ છે કે સરકારી ગાડીમાં જવું કેટલું યોગ્ય છે?

### ખાનગી કાર સર્વિસમાં હતી એટલે સરકારી ગાડી લઈ ગયેલા, પૈસા ચૂકવી દઈશઃ કાયસ્થ

આ મુદ્દે ટેલિફોનિક વાતચીત દરમિયાન ભાવેશ કાયસ્થે સ્પષ્ટતા કરતાં જણાવ્યુ કે તેમની ખાનગી કાર સર્વિસમાં હોવાથી તેઓ સરકારી ગાડી લઈને ગયા હતા. તેમણે કહ્યુ કે લોગબુકમાં જરૂરી એન્ટ્રી કરવામાં આવશે. જેટલો ઉપયોગ થયો હશે તે મુજબની રકમ સરકારના નિયમો અનુસાર જમા કરાવવામાં આવશે.

# ભરૂચમાં પ્રેમ પ્રકરણની અદાવતમાં યુવકને જીવતો સળગાવ્યો

**ભરૂચનો** યુવક પહેલા ઈજાગ્રસ્ત અને બાદમાં સમગ્ર શરીરે દાઝેલી હાલતમાં મળ્યો

**નવેઠા** ગામની યુવતી સાથે પ્રેમ પ્રકરણને લઈ હત્યાનો પ્રયાસ કરાયો હોવાની ફરિયાદ

ભરૂચઃ ભરૂચનો એક યુવક સિવિલ હોસ્પિટલમાં દાઝેલી હાલતમાં હોવાની જાણ પરિજનોને થઈ હતી. તેને જીવતો સળગાવી હત્યાનો પ્રયાસ થયો હોવાની ઘટનાએ ચક્ચાર મચી છે.

ભરૂચ શહેરના શેરપુરા ગામમાં મૂળ બોટાદના વતની રાહિલ ઉર્ફે સલમાન તેમજ માતા-પિતા અને અન્ય ભાઈઓ રહે છે. રાહિલ દહેજ-ભરૂચ વચ્ચે પેસેન્જર ઈકો ચલાવતો હતો. છેલ્લા 6 દિવસથી રાહિલ લાપતા હતો. 27મીના રાહિલના મોબાઈલ પરથી કોઈ અજાણ્યા શખ્સે ફોન કરીને માહિતી આપી હતી કે તેમનો ભાઈ મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ-વે પર દહેગામ ટોલનાકા પહેલા ઈકો કારમાં છે. ભાઈ અલ્તાફભાઈએ તપાસ કરાવતા ત્યાં માત્ર લોક કરેલી કાર જ મળી આવી હતી. રાત્રિના સમયે ફરીથી એ જ વ્યક્તિનો ફોન આવ્યો ત્યારે રાહિલ કારમાંથી ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યો હતો.

હાથમાં ઈજાની સારવાર કરાવી તેને ઘરે લાવવામાં આવ્યો હતો. પરિવારે આ દિવસો દરમિયાન તે ક્યાં હતો તેની પૂછપરછ કરી પરંતુ તેણે કોઈ જ સંતોષકારક જવાબ આપ્યો ન હતો અને ફરીથી ઘરેથી નીકળી ગયો હતો.

બીજા દિવસે અલ્તાફભાઈ પત્નીને દવાખાને લઈ ગયા હતા, ત્યારે તેમના નાના ભાઈ અત્તાઉલ્લાએ ફોન કરીને ચોંકાવનારી માહિતી આપી હતી કે રાહિલ આખા શરીરે દાઝી ગયેલી હાલતમાં સિવિલ હોસ્પિટલમાં દાખલ છે.

હોસ્પિટલ પહોંચીને તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, નવેઠા ગામે રહેતા ગુલામ નામના શખ્સે તેના એક સાગરીત સાથે મળીને અટાલી ગામની મેહાલી સ્કૂલ પાસે રાહિલ પર પેટ્રોલ છાંટીને તેને જીવતો સળગાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે રાહિલ ઉર્ફે સલમાનને નવેઠા ગામ તરફની કોઈ યુવતી સાથે છેલ્લા એક વર્ષથી પ્રેમ સંબંધ હતો. જેની અદાવત રાખીને હત્યા કરવાના ઈરાદે ગુલામ દ્વારા આ કૃત્ય આચરવામાં આવ્યું હોવાની શંકા છે. અલ્તાફ ખિમાનીએ દહેજ પોલીસ મથકે ગુલામ અને સાગરીતો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બારડોલીમાં સરકારી જમીન પર ખાનગી મોલ, પાર્કિંગનું બાંધકામ

**સબ** સજિસ્ટ્રાર, ચીફ ઓફિસર સામે પણ આક્ષેપ, બાંધકામ અટકાવી 13 સામે કાર્યવાહી કરવા કલેક્ટર, પોલીસને રજૂઆત

બારડોલીઃ બારડોલીના સ્ટેશન રોડ વિસ્તારમાં સરકારી ગાળાવાટનો જાહેર રસ્તો પચાવી પાડી તેના પર ગેરકાયદે મોલ અને પાર્કિંગનું બાંધકામ કરવાના ગંભીર પ્રકરણમાં કુલ ૧૩ સામે કલેક્ટર કચેરી અને પોલીસ મથકે ફરિયાદ કરવામાં આવી છે. અરજદાર સ્વાતિબેન પિનલકુમાર પટેલે ઓનલાઈન અરજી કરી કડક કાર્યવાહીની માંગ કરી છે.

ફરિયાદની વિગતો મુજબ, સિટી સર્વે નંબર ૪૫૯૮થી ૪૬૦૫વાળી મિલકતના મૂળ માલિકોએ જે જાહેર રસ્તાના તેઓ માલિક નથી તે જગ્યા પણ દસ્તાવેજમાં પોતાની દર્શાવી નિર્મલાકુમારી સોની, નિકીતા સોની અને ડાલીના સોનીને વેચાણ કરી દીધી છે. આ દસ્તાવેજમાં પશ્ચિમ દિશાની સરકારી ગાળાવાટના રસ્તાને બદલે 'એપાર્ટમેન્ટ' દર્શાવી વહીવટી તંત્રને ગેરમાર્ગે દોરવામાં આવ્યું છે.

### સરકારી અધિકારીઓની ભૂમિકા શંકાના દાયરામાં

અરજદારે આક્ષેપ કર્યો છે કે બારડોલીના સબ-રજિસ્ટ્રાર અને ચીફ ઓફિસરે ટાઇટલની યોગ્ય ચકાસણી કર્યા વિના જ દસ્તાવેજ નોંધણી અને વિકાસ પરવાનગી આપી પોતાની ફરજમાં ગંભીર બેદરકારી દાખવી છે. આશરે રૂ. ૨ કરોડની જંત્રી કિંમત ધરાવતી આ મિલકત પરનું બાંધકામ તાત્કાલિક અટકાવી તમામ આરોપીઓની ધરપકડ કરવા માંગ કરવામાં આવી છે.

# સાયબર ઠગ દીકરીને રસીની સહાયના નામે મજૂરના 3599 ઉડાવી ગયા

**વ્યારામાં** પણ બે જુદી જુદી ઘટનાઓમાં ખેડૂત સાથે લોનના નામે 73 હજારની જ્યારે યુવતી સાથે 10 હજારની ઓનલાઈન ઠગાઈ

કુકરમુંડા, વ્યારાઃ ઓનલાઈન ઠગાઈના વધતાં કિસ્સાઓ અંતર્ગત વધુ ત્રણ કિસ્સામાં નિઝરના મજૂર તેમજ વ્યારાના ખેડૂત સાથે 73 હજારની જ્યારે યુવતી સાથે 10 હજારની ઠગાઈ થયાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

નિઝર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ જયેશભાઈ પરશરામ ગામીત (ઉં..વ. 26, રહે. ડાબરીયાઆંબા ફળીયું, ગામ નિઝર, તા. નિઝર, જી. તાપી) મજૂરી કામ કરે છે. 21/02/2026ના રોજ અજાણ્યા મોબાઈલ નંબર પરથી તેમને કોલ આવ્યો હતો. ફોન કરનારે ફરિયાદીની દીકરીને આંગણવાડીમાં રસી મૂકવાના આધારે સરકાર તરફથી રૂ. 12,000ની સહાય મળવાની હોવાનું કહી, પ્રથમ હપ્તા રૂપે રૂ.3,599 તેમના ખાતામાં જમા થયા હોવાનો મેસેજ મોકલ્યો હતો. ત્યારબાદ તે મેસેજ પર ક્લિક કરવા જણાવ્યું હતું. જો કે મેસેજ પર ક્લિક કરતા તેમની પત્નીના બેંક ખાતામાંથી રૂ. 3,599નું ઑનલાઈન ટ્રાન્ઝેક્શન થઈ ગયું હતું.

વ્યારા તાલુકાના કટાસવાણ ગામનાં ખેડૂત હસમુખભાઈ અશોકભાઈ ગામીત (ઉં.વ 41) ને ખેતી કરવા માટે પૈસાની જરૂર હોવાથી પોતાના મોબાઈલમાં ફેસબૂક પર પર્સનલ લોન એપ પર લોન લેવા જતાં અજાણ્યા શખ્સે લોન મંજૂર કરવાનાં બહાને પ્રોસેસિંગના બહાને ટુકડે ટુકડે કુલ રૂ.73,034/ - પડાવી લીધા હતાં.

તાપીના ડોલવણ તાલુકામાં ગારવણ ગામની કોલેજીયન યુવતી પાસેથી એક ભેજાબાજે 10 હજાર પડાવી લીધા હતા. હું LICમાંથી બોલું છું, તમારા પિતાનો LICમાં વીમો જમા થયેલો છે એવું કહી યુવતીને વિશ્વાસમાં લઈ ભૂલથી 30,000/- રૂપિયા જમા થઈ ગયા હોવાનું જણાવ્યું હતું. યુવતીને 12 હજાર તમે રાખો બાકીના 18 હજાર જમા કરાવી દો, એવું કહી ભેજાબાજે યુવતી પાસેથી 10 હજાર રૂપિયા પોતાના મોબાઈલમાં ટ્રાન્સફર કરાવી લીધા હતાં. યુવતીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જાણવા મળતાં યુવતીએ ડોલવણ પોલીસ મથકે સાયબર ફ્રોડની ફરિયાદ નોંધાવી હતી.

### સિમકાર્ડ બદલી 15.64 લાખની છેતરપિંડી

ભરૂચઃ ભરૂચના લિંક રોડ પર નારાયણ સ્ક્વેરમાં ફ્લેટમાં રહેતા 52 વર્ષીય અમલકુમાર જ્ઞાનચંદ ગોરખ યાદવ એરટેલના 82890 87838 મોબાઇલ નંબરનો ઉપયોગ કરતા હતા. 25 નવેમ્બર-2025ના રોજ અજાણ્યા શખ્સે પોતાને એરટેલ કંપનીનો એક્ઝિક્યુટિવ ગણાવીને સિમ કાર્ડ ડિએક્ટિવેટ કરવાના બહાને તેમનું સિમ કાર્ડ બંધ કરાવી દીધું હતું. ઠગે 87340 73861 નંબરનું નવું સિમકાર્ડ ખરીદીને અમુલભાઇના ફોનમાં નાંખી ચાલુ કર્યું હતું. આ નવા સિમનો ઉપયોગ કરીને ઠગે અમુલભાઇના વોટ્સએપ અને ઇમેઇલ હેક કરી દીધા હતા. 1 ડિસેમ્બરે જ્યારે તેઓ પોતાના HDFC બેંક અને બેંક ઓફ બરોડાના ખાતાની માહિતી લેવા બેંક ગયા તો ખબર પડી કે તેમના ખાતામાંથી 27 નવેમ્બરથી 30 નવેમ્બર 2025 દરમિયાન મોટા પ્રમાણમાં રકમ ઉપાડી લેવાઈ હતી. આ ઉપરાંત ઠગોએ પીડિતના નામે બજાજ ફાઇનાન્સ લિમિટેડમાંથી લોન પણ મેળવી લીધી હતી. 29 નવેમ્બરના રોજ રૂ. 5 લાખ અને 30 નવેમ્બરના રોજ રૂ. 3.30 લાખ એમ કુલ રૂ. 8.30 લાખની લોન ઉપાડીને અલગ-અલગ ખાતામાં ટ્રાન્સફર કરી દેવામાં આવી હતી. આ તમામ વ્યવહારોને મળીને કુલ રૂ. 15,64,990/-ની છેતરપિંડી થઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. પીડિતે તાત્કાલિક 1930 હેલ્પલાઇન પર ફોન કરીને જાણ કરી હતી, જેથી રૂ. 4.69 લાખ જેટલી રકમ ફ્રિજ કરી દેવાઈ હતી..ભરૂચ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા સાયબર માફિયા વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

### ડિસ્કાઉન્ટની લાલચમાં વૃદ્ધે 64 હજાર ગુમાવ્યા

બારડોલીઃ સુરત જિલ્લાના બારડોલી તાલુકાના મઢી ગામે રહેતા અને ફેબ્રિકેશનનો વ્યવસાય કરતા અશોકભાઈ મગનલાલ પંચાલ નામના 61 વર્ષીય વૃદ્ધ સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. ગત 23 ફેબ્રુઆરીના રોજ અશોકભાઈએ ફેસબુક પર 'join air india membership' નામની એક જાહેરાત જોઈ હતી. તેમને પરિવાર સાથે યુ.કે. જવાનું હોવાથી પ્લેનની ટિકિટ બૂક કરાવવા માટે તેમણે એર ઇન્ડિયાની એપ્લિકેશન ઇન્સ્ટોલ કરી હતી. થોડીવાર બાદ તેમના પર એક મોબાઈલ પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. ફોન કરનારે પોતે અંધેરી છત્રપતિ શિવાજી એરપોર્ટ પરથી બોલતો હોવાની ઓળખ આપી અશોકભાઈને વિશ્વાસમાં લીધા હતા કે જો તેઓ 'મહારાજા મેમ્બરશીપ' લેશે તો તેમને ટિકિટ પર 3,000નું ડિસ્કાઉન્ટ મળશે. ત્યારબાદ આ ઠગે એક લિંક (airindia.airco.cc) મોકલી તેના પર ક્લિક કરવા જણાવ્યું હતું. ડિસ્કાઉન્ટની લાલચમાં અશોકભાઈએ લિંક ઓપન કરી સામેવાળી વ્યક્તિના કહ્યા મુજબ પ્રોસેસ કરી હતી. બીજા દિવસે જ્યારે તેઓ નાણાં ટ્રાન્સફર કરવા ગયા ત્યારે તેમને જાણ થઈ કે તેમના ત્રણ અલગ-અલગ બેંક ખાતામાંથી કુલ 64,000 ઉપડી ગયા છે. જેમાં સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, બેંક ઓફ બરોડા અને સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકના ખાતાઓનો સમાવેશ થાય છે. ઓનલાઇન ફ્રોડ થયાનો અહેસાસ થતા તેમણે તાત્કાલિક સાયબર હેલ્પલાઇન 1930 પર ફરિયાદ નોંધાવી હતી. આ મામલે બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

## કોસંબામાં વૃદ્ધાના ગળામાંથી સોનાની ચેઈનની ચીલઝડપ

હથોડાઃ કોસંબાની શનિવારી બજારમાં શાકભાજીની ખરીદી કરવા ગયેલી વૃદ્ધાના ગળામાંથી સવા તોલા સોનાની ચેનની ચીલઝડપ થઈ છે. તરસાડીમાં રહેતી 75 વર્ષના વૃદ્ધા પ્રેમીલાબેન પરસોત્તમભાઈ પંચાલ ગઈકાલે શનિવારી બજારમાં ખરીદી કરવા ગયા હતા. ત્યારે તેમના ગળામાંથી સવા તોલાની સોનાની ચેન કોઈ અજાણ્યા ચીટરો ચીલઝડપ કરી ગયા હતા.

## કોસંબા નજીક હાઈવે પરથી 15 ભેંસ ભરેલી ટ્રક ઝડપાઈ

હથોડાઃ કોસંબા પોલીસે બાતમીના આધારે ધામડોદ ગામની સીમમાંથી પસાર થતાં નેશનલ હાઈવે પરથી 15 ભેંસ ભરેલી ટ્રક કબજે કરી ટ્રકના ચાલક સરફરાજ મુસાભાઈ પટેલ ની ધરપકડ કરી હતી.

# ઝંખવાવમાં GRD જવાનોનો દારૂ સાથેનો વિડીયો વાયરલ

**ઢાબામાં** ટેબલ પર પાણીની બોટલ સાથે દારૂ પીરસાયાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં બંને જવાનને છૂટા કરી દેવાયા


વિનોદ મૈસુરીયા

વાંકલઃ માંગરોળ તાલુકાના ઝંખવાવ પોલીસ મથક હદનો એક વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ખળભળાટ મચી ગયો છે. વિડીયોમાં GRD જવાનો વિક્રમ ચૌધરી અને દિપક ચૌધરી વર્દીમાં નજરે પડે છે. આ દૃશ્યો ઝંખવાવ પોલીસ મથકની હદના એક ઢાબા પરના હોવાનું જણાઈ રહ્યું છે. કાયદાના રક્ષકોની હાજરીમા દારૂનું સેવન થઈ રહ્યું છે. આ મહેફિલનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ઝંખવાવ પોલીસ મથકના પીઆઈ કે એ જાડેજાની કામગીરી પર ગંભીર સવાલો ઉભા થયા છે. લોકોમાં ચર્ચા ચાલી રહી છે કે પી આઈની તેમના પોલીસ મથક પરની પકડ ઢીલી પડી રહી છે. જેના કારણે તેમના તાબા હેઠળના કર્મચારીઓ બેફામ બન્યા છે.

એક તરફ રાજ્ય સરકાર દારૂબંધીના કડક અમલની વાતો કરી રહી છે. ત્યારે ઝંખવાવ જેવા વિસ્તારોમાં પોલીસની રહેમનજર હેઠળ ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલતી હોવાનું લાગી રહ્યું છે. સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ થતાં લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. વાયરલ વિડીયોમાં દેખાતા GRD જવાનોને તાત્કાલિક અસરથી છૂટા કરી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

## બારડોલીના હીંડોલીયા પાસે ટ્રકે અડફેટે લેતાં યુવતીનું મોત

બારડોલીઃ બારડોલીના મોતા ગામની રામકૃષ્ણ સોસાયટીમાં રહેતી અને ઉમરાખ ગામે ક્રોમા શોપિંગમાં નોકરી કરતી કરિશ્માબેન સુરેશચંદ્ર સોલંકી (ઉં.વ.29) ગત શુક્રવારે સહકર્મી સાગર ચૌધરી સાથે કારમાં જઈ રહી હતી. બપોરે હીંડોલીયા ગામ પાસે હાઈવે પર કરિશ્માબેન પેશાબ કરવા માટે ઉતરી રોડ ક્રોસ કરી રહ્યા હતા, તે દરમિયાન જીજે 19 એક્સ 3651 નંબરની ટ્રકે કરિશ્માબેનને અડફેટમાં લીધા હતા.

અકસ્માત એટલો ભયાનક હતો કે ટ્રકનું વ્હિલ કરિશ્માબેનની કમરના ભાગે ફરી વળ્યું હતું, તેમને 108 મારફતે બારડોલીની સરદાર હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ટૂંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું હતું.

# વટારિયા ખાતે "રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ 2026"ની ઉજવણી કરાઈ



ભરૂચઃ વટારીયા ખાતે UPL યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી ખાતે SRICT-ISR દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે વિજ્ઞાન સપ્તાહ - 2026ની ઉજવણી મુખ્ય મહેમાન આશિષ પાંડે, બેન્ઝોકેમ ઈન્ડસ્ટ્રી પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર અંગીરસ શુક્લા (સેક્રેટરી, અંકલેશ્વર રોટરી એજ્યુકેશન સોસાયટી)ની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક શિક્ષણને ઔદ્યોગિક નવીનતા સાથે જોડવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. પ્રોવોસ્ટ ડૉ. શ્રીકાંત વાઘ, ડીન સાયન્સ એન્ડ સસ્ટેનેબિલિટી ડૉ. સ્નેહલ લોખંડવાલા, રસાયણશાસ્ત્ર વિભાગના વડા ડૉ. નિખિલ પારેખ, માઈક્રોબાયોલોજી વિભાગના વડા ડૉ. તૃપ્તિ પટેલ સહીત અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વિજ્ઞાન અને ઈજનેરી પ્રવાહના 300થી વધુ વિદ્યાર્થીઓએ ક્વિઝ સ્પર્ધા, હર્બેરિયમ, સર્જનાત્મક લેખન, પોસ્ટર અને મૌખિક પ્રસ્તુતિઓ "વેસ્ટ ટુ વેલ્થ", એક્ટ ઈટ આઉટ, ટેસ્ટ ઓફ સાયન્સ, સાયટૂન, અને અન્ય ઘણી આકર્ષક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. વિજેતાઓને ઈનામો અને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા.

# કોસંબામાં ફરી SMCની રેડ, 16.24 લાખનો દારૂ ઝડપી પાડયો

**કોસંબા** પોલીસ મથકથી માત્ર છ કિ.મી.ના અંતરે કઠવાડામાં કાર્ટિંગ થતું હતું, એકની ધરપકડ, ચાર વોન્ટેડ


ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ થોડા દિવસ પહેલા ગાંધીનગરની વિજિલન્સ ટીમે પીપોદરા જીઆઈડીસીમાંથી રૂ. 22 લાખનો ઈંગલિશ દારૂ ઝડપી પાડ્યાની સ્યાહી સૂકાઈ નથી ત્યારે ફરી આજે કોસંબા પોલીસ મથકથી માત્ર છ કિલોમીટરના અંતરે ગાંધીનગરની એસએમસીની ટીમે ત્રાટકીને ઈંગ્લિશ દારૂની 145 પેટી ઝડપી પાડી છે.

આ કાર્યવાહીથી સ્થાનિક પોલીસની ફરજમાં બેદરકારી છતી થવા સાથે જ ઈંગ્લિશ દારૂના વેપલાને નાથવાની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. ગાંધીનગર વિજિલન્સ ટીમને બાતમી મળી હતી કે કોસંબા પોલીસ મથક હદ વિસ્તારના કઠવાડા ગામની સીમમાં નામચીન બુટલેગર ધર્મેન્દ્ર ઠાકોરભાઈ વસાવા અને તેના માણસો ઈંગ્લિશ દારૂ લાવ્યા છે અને તેનું કાર્ટિંગ કરવાની પેરવીમાં છે. જેથી ગાંધીનગર એસએમસીની ટીમે રેડ કરતા રૂ.16,24,618નો ઈંગ્લિશ દારૂ અને એક સ્વિફ્ટ કાર તેમજ એક બાઈક મળીને કુલ રૂ. 21,66,000નો મુદ્દામાલ કબજે કરી નરેશ મહેન્દ્રભાઈ રાઠોડની ધરપકડ કરી હતી. જ્યારે બુટલેગર ધર્મેન્દ્ર ઠાકોરભાઈ વસાવા, અલ્પેશ નાનુભાઈ વસાવા, રમીલાબેન જીતુભાઈ જોશી અને સુરેશભાઈ સુકો નામના બુટલેગરોને વોન્ટેડ જાહેર કરીને સંલગ્ન કાર્યવાહી કરતા સ્થાનિક પોલીસના તંબુમાં ગભરાટ ફેલાઈ ગયો છે.

# 'જો બીજી વખત ઝઘડો કરશે તો, તને જીવતો નહીં છોડું'

સાયણઃ ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના છેવાડાના નાની નેશ (કરંજ) ગામની સીમના ખેતરમાં પાણી બંધ કરવા મામલે એક વૃદ્ધ ખેડૂતને ગામના બીજા ખેડૂતે જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

નાની નેશ(કરંજ) ગામના અશ્વિનભાઈ મોહનભાઈ પટેલ (ઉં.વ.૬૪) હાલમાં સુરતના જહાંગીરપુરા મુકામે આશુતોષ નગરીના મ.નં.૩૯ માં રહે છે. તેમની નાની નેશ ગામની સીમમાં બ્લોક નંબર.૧૬૨ ની ચતુરવાળો ઘોડો તરીકે ઓળખાતી ખેતીલાયક જમીન આવેલી છે. તેઓ નિવૃત્ત જીવન ગુજારવા સાથે પોતાની જમીનમાં ખેતીકામ કરે છે. ગત ૨૬મી ફેબ્રુઆરીએ રાત્રે ગામના ખેડૂત વિરલ પ્રમોદભાઈ પટેલે તેમની સાથે જૂની અદાવતમાં ખેતરની જમીનમાં પાણી બંધ કરવા બાબતે ગાળાગાળી કરી તેને ઢીકકા-મુક્કીનો માર માર્યો હતો. આ આરોપીએ પથ્થર વૃદ્ધ ખેડૂતના માથાના ભાગે મારી ધમકી આપી હતી કે, જો તું બીજી વખત મારી સાથે ઝઘડો કરશે તો 'તને જાનથી મારી નાંખીને જીવતો નહીં છોડું'.


Milano MULTIPLEX

બારડોલી

The Kerala Story 2
10:00am, 12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm, 09:30pm, 10:00pm

Laagni No melo-Gujarati
01:00 pm, 07:00pm

Tere Naam
04:00 pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333


### મહે.માંગરોળ ના પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ સાહેબશ્રી કોર્ટમાં મું-માંગરોળ,જિ. સુરત

રેગ્યુ. દિવાની મુ.નં.-૫૮/૨૦૨૬ આંક-૦૫

અરજદાર :- સવિતાબેન અશોકભાઇ મકવાણા તે રતનભાઇ પુજાભાઇ પરમાર ની દિકરી

વિરૂધ્ધ

સામાવાળા :- (૧) તલાટી કમ મંત્રીશ્રી, ગામ- ધામરોડ. મુ.પો. ધામરોડ ગ્રામ પંચાયત, તા. માંગરોળ, જિ. સુરત
(૨) જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી, ધામરોડ ગ્રામ પંચાયત
મુ.પો. ધામરોડ ગ્રામ પંચાયત, તા. માંગરોળ, જિ. સુરત

અરજદાર ના વકિલ શ્રી કેયુરકુમાર આર. પરમાર

-:: જાહેરનોટીસ ::-

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, સદર કામના અરજદારએ તેમના પિતાશ્રી રતનભાઇ પુજાભાઇ પરમાર કે જેઓ આશરે સને ૨૦૦૬ની સાલમાં એ ઘર છોડી ચાલ્યા ગયેલ અને તેઓની આજદિન સુધી ભાળ મળી આવેલ ન હોય જેથી સદરહુ રતનભાઇ પુજાભાઇ પરમાર નુ અવસાન થયેલ હોય તેવી જાહેરાત મેળવવા અરજદારએ અત્રેની કોર્ટમાં હાલનો દાવો કરેલ છે. સદરહુ દાવાની ની સુનાવણી તા.-૧૮/03/૨૦૨૬ ના રોજ કલાક-૧૦:૩૦ વાગ્યે રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, કંપની, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી વિરૂધ્ધ વાંધો હોય તો જાતે અગર યોગ્ય માહીતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક હાજર રહેવા નોંધ લેશો જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી. આજરોજ તારીખ ૨૮મી, માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| (એસ.આર.સવાણી) આસિસ્ટન્ટ<br>સિવિલ કોર્ટ,માંગરોળ,<br>જિલ્લો - સુરત | (આઇ.એફ.ગઢવી) સુપ્રિટેન્ડન્ટ<br>સિવિલ કોર્ટ, માંગરોળ<br>જિલ્લો - સુરત | કોર્ટનો સિક્કો | (આઇ.એફ.ગઢવી)<br>ઇ.ચા. રજીસ્ટ્રાર સિવિલ કોર્ટ,માંગરોળ,<br>જિલ્લો - સુરત |